

April 2023 | Issue No. 41 | A monthly newsletter

# Roshni

**Reaching Out to Serve Humanity with New Initiatives**

PRABHAT EDUCATION FOUNDATION

## અમારા વિશે

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સંસ્થા કેજે2003થી અમદાવાદના વંચિત વર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે. સંસ્થા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો અને પુખ્તવયના લોકોના માનચસક અને શારીરિક પડકારોમાં મદદ કરે છે. સંસ્થા ૩ પ્રોગ્રામ દ્વારા કાર્ય કરે છે. – પ્રભાત સેન્ટર , સમુદાય આધાચિત પુનર્વસન અને એડવોકસી દ્વારા નેટવર્કિંગ
પ્રભાત એક બાળક સાથે પહેલા કામ શરુ કર્યું હતું અને આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો ,પાડોશીઓ અને સમુદાયોને સ્પર્શે છે.



# માતા અને દિકરીની એક નવા સફર ની શરૂઆત

અહી વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળક અને મમ્મીની સફરની વાત કરવી છે. જ્યાં માતાને શક્યતાઓ દેખાય છે તે દિશામાં તે પોતાના પ્રયાસો કરવા લાગી જાય.તેમની'ધૂન' ગજબહોય છે. અને આ ધૂન પછી એવી સ્થિતિએ પહોચે કે ત્યાં તેને એવું લાગે કે માત્ર પોતાના જ બાળક માટે નહિ પણ બીજા બાળકો માટે પણ કશુક કેમ ન કરીએ ? આ પ્રકારની વાત બિનીતા બહેન ની છે. પ્રભાત માં આવતી નેત્રાના મમ્મી. બાર વર્ષની નેત્રાનેmicro microcephaly disability છે.

તેને શીખવાની તાલીમ માટે શરૂઆતમાં એને special educator પાસે લઇ જવામાં આવી. પરંતુ સમયજતા તેનામાં આવતું ધીમું પરિણામ, બીજું નાનું બાળક અને આર્થિક રીતે પણ મુશ્કેલી થતા તેના મમ્મી કહે છે અમે ત્યાં જવાનું એને બંદ કરી દીધું. એના મમ્મી એને પ્રેમથી તેનો ઉછેર કરવા લાગ્યા. પરંતુ સમય સમય જેમ જેમ પસાર થતો ગયો તેમતેના માટે એમની ચિંતા વધતી ગઈ.એક જ લક્ષ્ય હવે તેમને હતું કે, પોતાની દિકરી જીવન જીવવા માટે ની જે પ્રાથમિક બાબતો છે તે જાતે કરી શકે. આ સપનાને સાકારકરવા માટે એક 'આશાનું કિરણ' ઉગ્યું. પ્રભાત સાથે તેમનો સંપર્ક થયો. અને નેત્રા આઠ વર્ષના લાંબા સમય ગાળા બાદ ફરી special educator ના સંપર્ક માં આવી.

આ આઠ વર્ષનો અતિ મહત્વનો ગાળો નેત્રા માટે જે શીખવાનો અવસર છૂટી ગયો હતો.તેને ફરીથી ભરપાઇ કરવાનો હતો.પ્રભાતના special educator કાશ્મીરા બહેન કહે છે કે, '' નેત્રા શારીરિક રીતે મોટી થતી ગઇ છે અને તેની સરખામણી find motter greep ડેવલોપ થઇ નથી. હાથના આંગળા નાના થઇ ગયા. નાના બાળકો ને જે આપણે find motter શીખવાડી છીએ. તે નેત્રાના કિસ્સામાં યોગ્ય સમયે નથી બન્યું. તેથી તે તેને દરરોજના કરવાના થતા કામો માટે બહુ મુશ્કેલી પડે છે.નેત્રા સમજી તો રહી છે પણ તેના માટે જે કાર્ય કરવાનું હોય તે નથી થઇ શકતું. અને તેથી હાલ તેની સાથે find motterપર કામ થઇ રહ્યું છે. આ ઉપરાંત ઉમર પ્રમાણે જે વર્તન અને સામાજીકરણબાળકનું હોવું જોઈએ તે missing છે. તેની સાથે behaviour modification પર કામ ચાલી રહ્યું છે. socilization પર કામ ચાલી રહ્યું છે.કયા વ્યક્તિ સાથે કઈ રીતે વર્તન કરવું, વાતચીત કરવી તે શીખવાડવામાં આવે છે.

પ્રભાતમાં નેત્રા માટેના અનુભવને લઈને તેના મમ્મી કહે છે કે, ''ટૂંકા ગાળાના સમયમાં જ તેના પરિણામ જોવા મળ્યું છે.પહેલા નેત્રા ચમચી થી જ ખાતી હતી. હાથ વડે તે નતી ખાઈ શકતી. પણ હવે તે જાતે ખાતી થઇ છે. અને બધાની જોડે બેસી ને ખાતા શીખી છે. અજાણ્યા સાથે હવે તે વાત કરે છે.જયારે પહેલા તો તે કઈ બોલતી જ ન હતી. . તે ક્યારેય બીજા બાળકો સાથે નથી રમી પણ અહી તેના નવા મિત્રો બન્યા છે. અને તેથી તે પણ ખુબ જ ખુશ છે.''

જયારે નેત્રાની પ્રગતિ થઇ રહી છે તેની સાથે સાથે તેના મમ્મીની પણ એક નવા સફરની શરૂઆત થઇર હીછે. નેત્રાને પ્રભાતમાં જયારે મૂકી ત્યારે ત્યાનું વાતાવરણ અને પ્રવૃત્તિ જોતા તેમના મમ્મીને લાગ્યું કે, અહી કામ કરી શકાય છે. માત્ર પોતાના બાળક માટે નહિ પણ બીજા બાળકો માટે પણ કશુંક કરવું જોઈએ.. બિનીતા બહેન કહે છે કે, જોબ માટે કોઈ વિચાર ન હતો પણ લાગણી થઇ અને તેની તક પ્રભાત તરફથી મળી.

આમ, પ્રભાતમાં માતા અને દિકરી બંને એક ચોક્કસ લક્ષ્ય સાથે સફર શરુ કરી છે. બિનીતા બહેન તો CBID (Community Based Inclusive Development )નો કોર્ષ પણ શરુ કર્યો છે.જેથી તેઓ આ વિષય ને સમજે અને વધારે સારી રીતે પોતાની ભૂમિકા ભજવી શકે.. એમની કામ માટેની ધગશ અને તૈયારી આપણે તેમના પ્રયાસોમાં જોઈ શકીએ છીએ. કામ અને ઘરને કઈ રીતે તેઓ બેલન્સ કરે છે તો તે સંદર્ભે કહે છે કે,''ઘર અને કામ બધું બેલેન્સ થઇ જાય છે.પ્રભાત માં જોડાયા પછી કોઈઅલગ જ 'energy ' (ઉર્જા) મળે છે, ઘણું બધું શીખવા મળે છે.activeરહેવાય છે. થાક નથી લાગતો. પહેલા ઘરે બેઠા બેઠા ઘણા nagetiveવિચારો આવતા હતા. પણ હવે એક હિમ્મત મળી ગઈ છે અને લાગે છે કે,નેત્રા માં પરિવર્તન આવશે અને તે તેના પગ પર ઉભી રહેશે.''

વિશિષ્ટ જરૂરિયાત ધરવતા બાળકના પરિવારની હકારાત્મક સોચ અને નક્કર દિશામાં પ્રયાસો ચોક્કસ પરિણામ તરફ લઇ જાય છે. બિનીતા બહેન અન્ય લોકો માટે પણ એક પ્રેરણારૂપ બની રહ્યા છે. હિંમત રાખી ને પ્રયાસો કરવામાં આવે તો પરિણામ માટેના દરવાજા ખુલી જાય છે. અને નેત્રા માટે તે દરવાજા ખુલવાની શરુઆત થઇ ગઈ છે. નેત્રા અને તેમની મમ્મી ને તેમની આગળની સફર માટે ખુબ ખુબ શુભેચ્છાઓ.






# મંથલી અપડેટ

**રીસર્ચ:** સંશોધન અમારી કૌશલ્યોને સુધારવામાં, અંતરને ઓળખવામાં અને નવી નવીન અને સર્જનાત્મક રીતોથી સમસ્યા ઉકેલવામાં મદદ કરે છે ! પ્રભાતne લગભગ 16 વર્ષ પછી અને ખાસ કરીને કોવીડ જેવી મહામારી બાદ તેની પછીની અસરોનો સામનો કર્યા પછી, પ્રભાતને આ બધા સમયથી વિસ્તરેલી દરમ્યાનગીરીઓનો અભ્યાસ અને સમજવાની જરૂરિયાતનો અહેસાસ લાગ્યું હતું. ગયા મહિને અહેવાલ મુજબ વિવિધ દરમ્યાનગીરી પર આંતરિક સંશોધન/અસરનો અભ્યાસ તેની સાથે પહેલેથી જ થઇ રહ્યો છે, મિયામી યુનિવર્સિટીના સંશોધકો પણ પ્રભાત સેવા આપે છે તે સમુદાયમાં જાહેર આરોગ્ય પ્રણાલીને સમજવા માટે એક અભ્યાસ હાથ ધરી રહ્યા છે. વ્યાપક પરિપ્રેક્ષ્ય સાથેના આ અભ્યાસો પ્રભાતના સંશોધનને મજબૂત અને સમર્થન આપવામાં પણ ખૂબ મદદરૂપ થશે.

**ટીમનું ક્ષમતાવર્ધન :** સંસ્થાની તંદુરસ્તીને જાળવવા અને તેના વિકાસ માટે ક્ષમતા નિર્માણ જરૂરી છે. પ્રભાતના 6 ટીમના સભ્યોને કોમ્યુનિટી બેઝ્ડ ઇન્ક્લુઝિવ ડેવલપમેન્ટ (CBID) પરના સઘન પ્રમાણપત્ર કોર્સમાં 6 મહિનાના હાઇબ્રિડ કોર્સમાં પ્રવેશ આપવામાં આવ્યો છે જે સભ્યોને સમુદાયને વધુ સારી રીતે સમજવામાં અને વ્યાપક અર્થમાં સમાવેશ કરવામાં મદદ કરશે. આ કોર્સ બ્લાઈન્ડ પીપલ્સ એસોસિએશનના સહયોગથી રિહેબિલિટેશન કાઉન્સિલ ઑફ ઈન્ડિયા દ્વારા આપવામાં આવે છે. પ્રભાતના સ્પેશિયલ એજ્યુકેટર કાશમીરા બેન એક સાથે કોર્સમાં નોંધાયેલ ટીમ સાથે પ્રભાતના સંદર્ભમાં તેમની સમજણ કેળવવા માટે સત્રો લઈ રહ્યા છે.

**સુલભ જગ્યાઓનું નિર્માણ કરીએ :** શીખવાથી મન ક્યારેય થાકતું નથી." "જે વસ્તુઓ આપણે કરી શકીએ તે પહેલાં આપણે શીખવાની જરૂર છે, આપણે તે કરીને શીખીએ છીએ." "શિક્ષણ તક દ્વારા પ્રાપ્ત થતું નથી; તે ઉત્સાહથી શોધવું જોઈએ અને ખંતપૂર્વક ધ્યાન આપવું જોઈએ." "શિક્ષણની સુંદર વાત એ છે કે કોઈ તેને તમારી પાસેથી છીનવી શકતું નથી." બી.બી. કિંગ

ખાસ કરીને જ્યારે તે અનોખો શીખવાનો અનુભવ હોય જેમ કે – મ્યુઝિયમ ઓન વ્હીલ્સ! પ્રભાતના બાળકોએ અદ્ભુત સમય પસાર કર્યો, હાથ પરની પ્રવૃત્તિઓ અને અમારા વ્હીલ ચેર વપરાશકર્તાઓ માટે સુલભ 'બસ' અનુભવનો આનંદ માણ્યો.

ધ મ્યુઝિયમ ઓન વ્હીલ્સ એ છત્રપતિ શિવાજી મહારાજ વાસ્તુ સંગ્રહાલય, મુંબઈની બે અત્યાધુનિક બસો દ્વારા શૈક્ષણિક આઉટરીચ પહેલ છે જે મહારાષ્ટ્ર, ગોવા, કર્ણાટક અને ગુજરાતના શહેર, ઉપનગરો અને ગ્રામીણ વિસ્તારોમાં વ્યાપકપણે મુસાફરી કરે છે. અમદાવાદમાં મ્યુઝિયમને લાલભાઇ દલપથભાઇ મ્યુઝિયમના સહયોગથી લાવવામાં આવ્યું હતું, જે શહેરમાં વૈવિધ્યસભર અને કેટલાક અનોખા અનુભવો લાવવાનો અવસર અવિસ્મરણીય રહ્યો હતો.

**સહાયક સેવાઓ :** સિવિલ સર્ટીફીકેટ : 6, રેલ્વે પાસ : 4 ઓનલાઇન ફોર્મ , સ્ટેટટ્રાન્સપોર્ટેશન: 3 ઓનલાઇન ફોર્મ , પેન્શન યોજના : 4 ફોર્મ , સાધન સહાય : 21ફોર્મ, આંગણવાડી એડમીશન : 6 બાળકો

બેરલ માર્કેટ – ડેહલુ માં છેલ્લા બે મહિનાથી ડો. શ્રી બ્રિન્દા બહેન ના સહયોગથી આઇ ચેક અપ ની પ્રવૃતિઓ થતી હતી. આયેકઅપ બાદ, ઘણા બાળકોને ચશ્માં ના નંબરની ઓળખ થઇ છે. જેના પરિણામે તેમને 29 બાળકોને ચશ્માં નું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ચશ્માં બાળકો નિયમિત પહેરે તે માટે તેમને પ્રેકટીશ કરાવવામાં આવે છે. તથા ઘરે પણ બાળક પહેરે તેવું વાલી ને કહેવામાં આવ્યું છે. ડો. શ્રી બ્રિન્દા બહેનના કામગીરી માટે પ્રભાત આભારી છે.

**સ્વયંસેવકો/ઇન્ટર્ન:** પ્રભાત યુવા સ્વયંસેવક (Volunteers) અને ઇન્ટર્નના ટેકાથી હમેશા વધારે ખીલે છે. તેઓ હમેશા નવો અભિગમ અને નવું જ્ઞાન લાવે છે. આ સમયગાળા દરમિયાન અમદાવાદ યુનિવર્સિટી, અનંત યુનિવર્સિટી, એનઆઇડી, ગુજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓએ પ્રભાતમાં સ્વયંસેવી/ ઇન્ટર્ન કર્યું છે. ડિઝાઇન ઇનપુટ્સ, પ્રોડક્ટ ડિઝાઇન, ડેટા ઓર્ગેનાઇઝેશન અને ક્લાસરૂમ સહાયથી લઈને તેઓ જે પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હતા. સંસ્થા અને વિદ્યાર્થીઓ બંને માટે આ પરસ્પર શિક્ષણ અને નવો અનુભવ રહ્યો છે.

અમદાવાદ યુનિવર્સિટી છેલ્લા કેટલાક મહિનાઓથી સંસ્થાઓને આમંત્રિત કરી રહી છે કે તેઓ વિદ્યાર્થીઓ સમક્ષ તેમનું કાર્ય રજૂ કરે જેથી તેઓ તેમની રુચિ અને સંસ્થાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને નિર્ણયો લઈ શકે. આ મહિને પ્રભાતના કોર્ડીનેટર પ્રણવભાઈએ પ્રભાતનું કાર્ય અને સંસ્થામાં સ્વયંસેવકો/ઇન્ટર્નની નિર્ણાયક ભૂમિકા સંદર્ભે વિચારો અને અનુભવ રજુ કર્યા.

**SVP(Social Venture Partners) સાથી સંસ્થાઓ સાથેની અનુભવ અને કામ ના આદાન પ્રદાનની 'કાર્યશાળા ':** SVP દ્વારા જોડાયેલ અમદાવાદ અને સુરતની સંસ્થાનોની એક ગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સાથીઓ પોતાના અનુભવો અને શીખની રજૂઆત કરી હતી. ચોક્કસ તેનાથી કામ માટેની નવી ઉર્જા મળે છે અને સામજિક ક્ષેત્રમાં થઇ રહેલા કામથી ' update' થવાની એક તક મળી હતી. ઉપરાંત ટીમ માટે આ પ્રકારના ફોરમ પણ શીખવા માટેનું એક માધ્યમ બની રહે છે.

**વ્યવસાયિક તાલીમ:** પ્રભાત વિકલાંગ યુવાનોને રોજગારની દિશામ લઈ જવા માટે પ્રયત્નશીલ છે, પરંતુ કમનસીબે હજુ પણ વ્યાપક જાગૃતિ અને સંવેદનશીલતાનો અભાવ જોવા મળે છે. જે કુશળ વિકલાંગ લોકો માટે પણ રોજગારીની તકોમાં અવરોધ ઉભો કરે છે. પ્રભાત એક એ માધ્યમનું નિર્માણ કરી રહ્યું છે જે વિકલાંગ લોકો માટે રોજગારને સર્વગ્રાહી રીતે જુએ છે, જેમાં યુવા પુખ્ત વયના લોકોને તાલીમ આપવામાં આવે છે, માતાપિતા માટે માર્ગદર્શન અને પરામર્શ એકસાથે ફેક્ટરી/કાર્યસ્થળના કર્મચારીઓની સંવેદના અને તાલીમ દ્વાર કાર્યસ્થળ પર તેમના માટે અનુકૂળ વાતાવરણનું નિર્માણ થાય છે. આ પ્રયાસમાં પ્રભાત એવા યુવાનોની પણ શોધ કરી રહ્યું છે જેઓ ગતિશીલતા અને સાંસ્કૃતિક અને સલામતીના કારણોસર કામ કરવ માટે બહાર જઈ શકતા નથી. આ તરફ, આ મહિને પ્રભાતે યુવાનોને પ્લાસ્ટિકની સાવરણી બનાવવાની તાલીમ આપી છે, આ કામ તેઓ પોતાના ઘરે પણ કરી શકશે.

**મુખ્ય ધરાની શાળામાં બાળકના પ્રવેશ :**

કાંકરિયા શાળા નંબર :૮ માં પ્રભાત દ્વારા જે રિસોર્સ રૂમ શરુ છે તે સંદર્ભે આવનાર નવા વર્ષના સત્ર માટે 8 બાળકોની ફાઈલ તૈયાર કરવામાં આવી છે. જેમાં તેમની જેને પ્રિન્સીપાલ સાથે બેઠક કરી તેમને માહિતી આપવામાં આવી. આ ફાઈલમાં બાળકની વિકલાંગતા સંદર્ભે સંપૂર્ણ માહિતી સાથે બાળકનું સ્તર સંદર્ભે માહિતી આપવામાં આવેલ છે. જેથે તેમને કયા ધોરણ માં પ્રવેશ મેળવી શકાય તે નક્કી કરવા સરળતા રહે. આ પ્રભાત માટે ખુબ આનંદની વાત છે કે બાળકો મુખ્ય ધારાની શાળામાં પ્રવેશ કરી રહ્યા છે.

# ફોટો ગેલરી














**Prabhat Education Foundation**
\# 325, Iscon Emporio
Beside Star Bazaar, Satellite Ahmedabad 380015

**Phone:** +91-79-4890-305
**Email:**prabhat@prabhatedu.org
**Website:**www.prabhateducationfoundation.org